સુવિચાર : ઝનૂન અને ટેક એ માનવજીવનનું નમક છે, પણ વિચાર વગર એનો ઉપયોગ થાય તો સદા પસ્તાવાનું રહે છે - એસ. ભટ્ટાચાર્ય

તાપમાન
મહત્તમ : ૩૪.૦ ડીગ્રી
લઘુતમ : ૨૬.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૨ ટકા ● સાંજે ૫૯ ટકા

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૧૬૭ | ૨૭ ઓગસ્ટ, ૨૦૧૫, ગુરૂવાર ; શ્રાવણ સુદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# અનામતની આગમાં ગુજરાત આખુ લપેટાયું

**હિંસામાં આઠ નિર્દોષોના મોત : મહેસાણા, રાજકોટ, પાલનપુર, સુરત, જામનગરમાં સંચારબંધી : અમદાવાદના ૯ પોલીસ સ્ટેશન વિસ્તારમાં કરફ્યુ લદાયો : સતત બીજા દિવસે પોલીસ અને લોકો વચ્ચે ઘર્ષણનો દોર રહેતા વિસ્ફોટક સ્થિતિ : ગોળીબાર-લાઠીચાર્જની ફરજ : બસ તેમજ અન્ય જાબેર સંપત્તિને ભારે નુકસાન**

અમદાવાદ,તા.૨૬

ગુજરાતમાં અનામતની માંગણીની આગ હવે રાજ્યના અનેક ભાગમાં ફેલાઈ ગઈ છે. મંગળવારે મોડીરાત્રે શરૂ થયેલી હિંસાનો દોર આજે બુધવારે પણ જારી રહ્યો હતો. અનામત સંબંધિત હિંસામાં ગુજરાતમાં વિવિધ ભાગોમાં આઠ લોકોના મોત થયા છે. સઘન સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી હોવા છતાં પરિસ્થિતિ બેકાબૂ રહી હતી. રાજ્યના જે મોટા શહેરોમાં અચોક્કસ મુદતની સંચારબંધી લાગૂ કરવામાં આવી છે તેમાં સુરત, મહેસાણા, રાજકોટ, જામનગર, પાટણના શહેરો, ગાંધીનગરના કલોલ, બનાસકાંઠાના પાલનપુરમાં અચોક્કસ મુદતની સંચારબંધી લાગૂ કરવામાં આવી છે. તમામ જગ્યાઓએ સ્થિતિ બેકાબૂ બની હતી. પાટીદાર સમુદાય તરફથી ગુજરાતમાં આ સમુદાય માટે ઓબીસી ક્વોટાની માંગણીને લઈને આંદોલનની શરૂઆત કરવામાં આવ્યા બાદ એક દિવસના બંધ દરમિયાન આજે વ્યાપક હિંસા ભડકી ઉઠી હતી. આ હિંસા દરમિયાન આજે જુદા જુદા વિસ્તારોમાં હિંસાનો દોર જારી રહ્યો હતો. સુરત, મહેસાણા, ઊંઝા, પાલનપુરમાં ઠેર ઠેર આગ ચાંપવાના, સરકારી મિલકતોને નુકસાન કરવાના બનાવ બન્યા હતા. પોલીસ સાથે ઘર્ષણના બનાવો પણ બન્યા હતા.

● અનુસંધાન પાન-૭ પર





ગત રાત્રિથી ભડકેલ હિંસાના પગલે પ્રદર્શનકારીઓએ અમદાવાદ શહેરમાં કેટલાક વિસ્તારમાં બસોને આગ ચાંપી દીધી હતી. જ્યારે ચાંદલોડિયા વિસ્તારમાં આંદોલનકારીઓ દ્વારા જીએસટી ફાટકના પાટા ઉખાડી નાંખવામાં આવ્યા હતા અને ટ્રેનને રોકવામાં આવી હતી.

## ગુજરાતમાં હિંસક તોફાનોને ડામવા કેન્દ્ર દ્વારા ૫૦૦૦ અર્ધલશ્કરી દળો મોકલાયા

નવીદિલ્હી,તા. ૨૬

ગુજરાતના જુદા જુદા ભાગોમાં અનામતને લઈને હિંસાની શરૂઆત થયા બાદ કેન્દ્ર સરકાર પણ

**આનંદીબેન સાથે ફોન પર રાજનાથસિંહની લાંબી વાતચીત : ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ઉપર ચર્ચા વિચારણા કરી : અન્ય તમામ સહકાર કરવા પણ ખાતરી આપી : અર્ધલશ્કરી દળો મોરચા સંભાળ્યા**

મદદ માટે સક્રિય થઈ ગઈ હતી. કેન્દ્ર સરકારે તરત જ ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને કાબૂમાં લેવા અર્ધલશ્કરી દળના જવાનોને મોકલ્યા છે. કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહે ગુજરાતના મુખ્યમંત્રી આનંદીબેન પટેલ સાથે ફોન પર વાતચીત કરી હતી અને કાયદો અને વ્યવસ્થાની સ્થિતિની સમીક્ષા કરી હતી. આશરે ૫૦૦૦ અર્ધલશ્કરી દળના જવાનો ગુજરાતમાં ખસેડવામાં આવી ચુક્યા છે. ક્વોટાને લઈને



પટેલ સમુદાયના લોકો આક્રમક બનેલા છે. ગૃહમંત્રી રાજનાથસિંહને આનંદીબેનને ફોન કરીને સ્થિતિ

● અનુસંધાન પાન-૭ પર

## અમદાવાદ, સુરત સહિતના અશાંત ક્ષેત્ર આર્મીને હવાલે

અમદાવાદ,તા. ૨૬

અમદાવાદ અને સુરતમાં પોલીસ તથા અર્થલશ્કરી દળો ગોઠવાયા છતાં પણ કરફ્યુગ્રસ્ત વિસ્તારોમાં આજે સવારે પણ લોકોના ટળે ટોળા ઉતરી પડતા ફરી પરિસ્થિતિ ગંભીરરીતે ડહોળતા છેવટે રાજ્યમાં અમદાવાદ સહિત અન્ય અશાંત વિસ્તારોમાં તાબડતોડ આર્મીને હવાલે કરવામાં આવ્યા હતા જ્યારે સુરતમાં પણ લશ્કર ડિપ્લોય કરાયું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. જ્યારે રાજકોટમાં પણ લશ્કરની એક ટુકડી રવાના કરવામાં આવી હતી. અમદાવાદમાં સાંજે લશ્કરે ફ્લેગમાર્ચ યોજી સ્થિતિને કાબૂમાં લેવાના લોખંડી પ્રયાસો શરૂ કર્યા હતા. રાજ્યમાં આર્મીની પાંચ ટુકડીઓ ફાળવવામાં આવી હતી. અમદાવાદમાં ગઈકાલે ૨૫મીએ યોજાયેલી પાટીદારોની ક્રાંતિ રેલી શાંતિપૂર્ણરીતે સમ્પન્ન થયા બાદ જીએમડીસી ગ્રાઉન્ડ પર પોલીસે બેફામ લાઠીચાર્જ કરી આચરેલી બર્બરતાના રાજ્યભરમાં ખુબ જ ઘેરા પ્રત્યાઘાત પડ્યા હતા જેમાં રોષે ભરાયેલા પાટીદાર યુવાનોએ પોલીસને સીધા નિશાન બનાવી પોલીસ ચોકીઓ, પોલીસ મથકો,

● અનુસંધાન પાન-૭ પર

### ફટાફટ ન્યુઝ

- દાઉદ અને હાફીઝ પર સકંજો જમાવવા નવી યોજના તૈયાર
- ઘુસણખોરીનો વધુ એક મોટો પ્રયાસને અંતે નિષ્ફળ કરાયો
- બે ઇટાલિયન મરીન વિરૂદ્ધ ફોજદારી કાર્યવાહી પર સ્ટે
- ભારતીય મનોરંજન ઉદ્યોગનુ કદ ૨૨૭૨ અબજ સુધી જશે
- આસામ પુર : ૯ લાખથી વધુ લોકો હજુ મુશ્કેલીમાં
- રાહુલ ગાંધીને કોંગ્રેસ પ્રમુખ બનાવવામાં આવે તે જરૂરી
- બાલાકોટમાં ગોળીબારનો ભોગ બનેલા લોકોને રાહુલ ગાંધી મળ્યા
- ઓરિસ્સા : છુપા હુમલામાં બીએસએફ જવાન શહીદ
- વન રેંક વન પેન્શનને લઇને હજુ અનેક મુદ્દા પર મતભેદ
- સંજય દત્તને ફરી ૩૦ દિવસ માટે પેરોલ : અટકળનો દોર

# અમદાવાદમાં અનામત હિંસામાં ચારના મોત

**અમદાવાદના ૯ પોલીસ સ્ટેશન વિસ્તારમાં અચોક્કસ મુદતનો કફર્યુ : પોલીસના ગોળીબારમાં બેના મોતથી હિંસા બેકાબૂ બની : તમામ વિસ્તારોમાં પોલીસે મોરચા સંભાળ્યા હોવા છતાં સતત બીજા દિવસે હિંસાનો દોર જારી**

અમદાવાદ, તા.૨૬

ઓબીસી ક્વોટાને લઈને પાટીદાર સમુદાયનું આંદોલન હવે હિંસામાં ફેરવાઈ ચુક્યું છે. સતત બીજા દિવસે અમદાવાદમાં વ્યાપક હિંસાનો દોર જારી રહ્યો હતો. કેટલાક નવા વિસ્તારો પણ હિંસાના સકંજામાં આવી ગયા હતા. વિવિધ વિસ્તારોમાં હિંસાનો દોર જારી રહેતા અમદાવાદ શહેરમાં નવ પોલીસ સ્ટેશન હેઠળના વિસ્તારોમાં અચોક્કસ મુદતની સંચારબંધી લાગૂ કરવામાં આવી હતી. અમદાવાદ શહેરના જે વિસ્તારોમાં અચોક્કસ મુદતની સંચારબંધી લાગૂ કરવાનો નિર્ણય કરાયો હતો તેમાં રામોલ, નિકોલ, બાપુનગર, નારણપુરા, નરોડા, ઘાટલોડિયા, કૃષ્ણનગર, વાડજ અને ઓઢવનો સમાવેશ થાય છે. અમદાવાદ શહેર પોલીસ કમિશનરે જાહેરનામુ જારી કરીને રાત્રે બે વાગ્યાથી બીજા આદેશ જારી કરવામાં ન આવે ત્યા સુધી અચોક્કસ મુદતની સંચારબંધી લાગૂ કરી હતી. સાથે સાથે લોકોને ઘરની બહાર ન નિકળવા માટે પણ કહેવામાં આવ્યું હતું. તોફાનોના પગલે પોલીસ કમિશનરે રાત્રે બે વાગે કરફ્યુ લાગૂ કરવાનો આદેશ કર્યો હતો. દરમિયાનમાં આજે સતત બીજા દિવસે હિંસાનો દોર જારી રહ્યો હતો. તોફાની ટોળાને કાબૂમાં લેવા ઘણી જગ્યાએ લાઠીચાર્જ કરવાની ફરજ પડી હતી. ટીયરગેસના સેલ છોડાયા હતા. ગોળીબાર કરવાની પણ ફરજ પડી હતી. કફર્યુ હોવા છતાં લોકો મેદાનમાં આવી ગયા હતા. હિંસામાં અમદાવાદમાં ચાર લોકોના મોત થયા


● અનુસંધાન પાન-૭ પર



# ગુજરાતમાં શાંતિ જાળવવા મહાનુભાવોની અપીલ

ગાંધીનગર, તા. ૨૬

વર્ષો સુધી તોફાનોની હિંસક આંધીથી દૂર રહ્યા બાદ અચાનક જ ગુજરાત હિંસામાં લપેટાયું છે ત્યારે ગુજરાતના જાણીતા મહાનુભાવો, રાજકારણીઓ અને પદાધિકારીઓએ ગુજરાતની પ્રજાને શાંતિ જાળવવાની અને અફવાઓ પર ધ્યાન ન આપવાની અપીલ કરી છે.



પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ વતી બીએપીએસ સંસ્થાના મહંત સ્વામીએ ગુજરાતના તમામ પ્રજાજનોને શાંતિ જાળવવા નમ્ર વિનંતી કરી છે. સમગ્ર ગુજરાતમાં શાંતિ જળવાય અને તે પ્રગતિના માર્ગે આગળ ધપતું રહે તે માટે પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે ભગવાનને પ્રાર્થના કરી છે. શાંતિ જાળવી ગુજરાતની પ્રગતિ માટે આપણે સૌ સામુહિક પ્રયાસ અને પ્રાર્થના કરીએ.



જાણીતા કથાકાર સંતશ્રી મોરારીબાપુએ ગુજરાતની પ્રજાને શાંતિ જાળવવા અપીલ કરતાં જણાવ્યું છે કે ગુજરાતની પ્રજા શાંતિપ્રિય છે. હિંસાથી કોઈ પ્રશ્નનો ઉકેલ મળ્યો નથી. કપરા દિવસોમાં ગુજરાતની પ્રજા શાંતિ જાળવે તે જરૂરી છે.



પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતના પ્રજાજનોને શાંતિની અપીલ કરતાં જણાવ્યું છે કે મહાત્મા ગાંધી અને સરદાર પટેલની ધરતી પર ગઈકાલ સાંજથી જે પ્રકારની પરિસ્થિતિ સર્જાયેલી છે, જે પ્રકારની હિંસાનો આશ્રય લેવાઈ રહ્યો છે... આપણે જાણીએ છીએ કે હિંસાથી કોઈનું પણ ભલું થતું નથી.

જીવનમાં એકતા, સૌ સાથે મળીને ચાલીએ, અને રાજ્યના વિકાસ દ્વારા જ દરેક સ્તરના લોકોનું કલ્યાણ કરવાનો પ્રયાસ, અમે હંમેશાથી કરતા આવ્યા છીએ. મારી બધા ભાઈઓ અને બહેનોને વિનંતી છે કે આ સમયે આપણો એક જ મંત્ર હોવો જોઈએ - 'શાંતિ'

દરેક સમસ્યાનું સમાધાન વાતચીત દ્વારા લાવી શકાય છે. લોકશાહીની મર્યાદાનું પાલન આપણે સૌએ કરવું જોઈએ. હું ફરી એક વખત ગુજરાતના બધા ભાઈઓ અને બહેનોને શાંતિ રાખવાનો આગ્રહ કરૂ છું. હિંસાના માર્ગ પર ચાલીને ક્યારેય કશુ પ્રાપ્ત થતું નથી. આપણે સૌ સાથે મળીને વાતચીત દ્વારા સમસ્યાનું સમાધાન કરીએ અને સાથે મળીને ગુજરાતને નવી ઉંચાઈએ લઈ જવાનો જે પ્રયાસ ચાલી રહ્યો છે, તેમાં સહયોગી બનીએ અને પોતાનું યોગદાન આપીએ - આ મારી દરેક ગુજરાતના ભાઈઓ અને બહેનોને આગ્રહ ભરી વિનંતી છે.



મુખ્ય પ્રધાન શ્રીમતી આનંદીબેન પટેલે ગુજરાતની પ્રજાને ઉદ્દેશીને કરેલી અપીલમાં જણાવ્યું છે કે જીએમડીસી ગ્રાઉન્ડ પર પોલીસે જે એક્શન લીધા છે તેની તપાસના આદેશ આપવામાં આવ્યા છે. રીપોર્ટના આધારે જેઓ દોષિત જણાશે તેની સામે પગલાં લેવામાં આવશે. તેઓએ વધુમાં જણાવ્યું છે કે પરિસ્થિતિને કાબુમાં લેવામાં આવી રહી છે અને આ મુશ્કેલ પરિસ્થિતિમાં સૌ શાંતિ જાળવે તે જરૂરી છે.



ગુજરાત વિધાનસભા વિરોધપક્ષના નેતાશ્રી શંકરસિંહ વાઘેલાએ મીડીયા અને પ્રેસના મિત્રોએ સંબોધતા જણાવ્યું હતું કે, ગુજરાત રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સાવ તુટી પડી છે. તાજેતરમાં પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને અને પોલીસતંત્રની વિનંતીને ધ્યાનમાં રાખીને આવતીકાલે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના માધ્યમ દ્વારા જે ધરણાંનો કાર્યક્રમ આયોજિત કર્યો હતો તે રદ કર્યો છે. રાજ્યમાં શાંતિ જળવાય તેવા પ્રયત્ન કરવાની અપીલ વિરોધપક્ષના નેતાશ્રી શંકરસિંહ વાઘેલાએ કરી હતી.

કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રીય અધ્યક્ષા શ્રીમતી સોનિયા ગાંધી અને ઉપાધ્યક્ષશ્રી રાહુલ ગાંધીએ ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં ઉભી થયેલી પરિસ્થિતિમાં

● અનુસંધાન પાન-૭ પર

## ગાંધીનગર જિલ્લામાં ઈન્ટરનેટ સેવાઓ બંધ કરવાના આદેશો

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર સમગ્ર જિલ્લામાં ૧૪૪ મુજબ પગલાં લેતાં જિલ્લા કલેક્ટર શ્રી રવિશંકરે ૨૮મીની સવાર સુધી ઈન્ટરનેટ સેવાઓ બંધ કરવાના આદેશો જારી કર્યા છે.

પાટીદાર અનામત આંદોલન દરમ્યાન બનેલ બનાવોના સંદર્ભમાં ગાંધીનગર જિલ્લાના વિસ્તારમાં તંગ પરિસ્થિતિ પ્રવર્તે છે. વળી તા. ૨૫-૮-૧૫ તથા ૨૬-૮-૨૦૧૫ના રોજ ગાંધીનગર શહેરના તમામ સેક્ટરો તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં પથ્થરો પડવાના, આગ લગાડવાના છૂટા છવાયા બનાવો બનેલ છે.

જે કારણે તંગ પરિસ્થિતિ પ્રવર્તે છે અને લોકોના જાનમાલ જોખમમાં છે અને જાહેર સુલેહ શાંતિનો ભંગ થવાનો ભય છે અને એવી રીતે ભંગ થતો અટકાવવાનું ઈસ્ટ છે અને તેમ થતું તાત્કાલિક અટકાવવાનું તથા ઝડપી ઉપાય યોજવાનું ઈચ્છનીય છે અને સને : ૧૯૭૩ના ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ મુજબ પગલાં લેવા માટે પુરતા કારણો છે.

તેથી હું રવિશંકર, જિલ્લા મેજીસ્ટ્રેટ, ગાંધીનગર આથી ફરમાવું છું કે નીચે આપેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ વિસ્તારોના રહેવાસીઓ તેમાં અવર-જવર કરનારાઓએ પ્રસંગોપાત આવનારાઓએ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ વિસ્તાર પુરતું તે અનુસૂચિમાં દર્શાવેલા કલાકો દરમ્યાન બિનજરૂરી અફવાઓ ન ફેલાય તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે તમામ ઈન્ટરનેટ સર્વિસ પ્રોવાઈડરોએ ઈન્ટરનેટ સેવા બંધ કરવાની રહેશે. જેથી ફેસબુક, ટ્વીટર, વોટ્સએપ જેવા સોશ્યલ મીડીયા બંધ રહે. સરકારી ઈન્ટરનેટ/ઈન્ટ્રાનેટ સર્વિસ પ્રોવાઈડર જીસ્વાન, એન.આઈ.સી., રાજ્ય અથવા કેન્દ્ર સરકારના ઉપયોગ હેતુ લેન ઈત્યાદિને આ જોગવાઈઓ લાગુ પડશે નહિ.

બેઠક : નિસર્ગની નિરાંત અને અદ્યતન સુવિધામાં મનોમંથન...
YOUR OWN Resort
૧૦૦ની ક્ષમતાનો કોન્ફરન્સ હોલ

નિરવતાનો રવ...
bansari Greens
week-end home
ગ્રામભારતી પાસે, અલુવા, ગાંધીનગર-મહુડી રોડ
ફોન - (02764) 261181/82 | 99249 31224 | 98258 03299

જોઈએ છે
કોરલમાં નિપુણ અને મન-હ્રદયથી ક્રિએટીવ, હંમેશા ઉત્સાહી અને સ્માઈલીંગ પર્સનાલિટી ધરાવતા આર્ટીસ્ટ જોઈએ છે.
કંઈક નવું કરવાની તમન્ના અને બાયોડેટા સાથે આજે જ મળો.
We design your desire...
PARAM CREATIONS
504, 5th Floor, Shalin Complex, Sector-11, Gandhinagar. Phone : 99790 12234